**નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ખાતા હસ્તકની તમામ વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ગ્રામ્ય કક્ષાએ તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર માન્ય રાખવા બાબત.**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પરિપત્ર ક્રમાંક: અજાક/૧૦૨૦૨૦/૬૫૧૨૩૦/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૯/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૬/૧૦/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: આઈટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઇટી

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૨/૧૨/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧૯-૨૦/૧૩૨૩૩

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૬/૧૦/૨૦૧૯ના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરિપત્રથી ગ્રામ્ય કક્ષાએથી તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા રૂ.૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) સુધીની આવક મર્યાદા માટે ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો મારફતે "આવકનું પ્રમાણપત્ર" આપવા માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી તેઓના ખાતા હસ્તકની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ તેમજ તમામ વ્યક્તિલક્ષી યોજનાઓ માટે તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા આપવામાં આવતા આવકનું પ્રમાણપત્ર માન્ય રાખવાની મંજૂરી થઈ આવવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

પરિપત્ર:

પુખ્ત વિચારણાને અંતે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્ર અન્વયે ગ્રામ્ય વિસ્તારના લોકો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ખાતા હસ્તકની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ તેમજ તમામ વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો મારફતે તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા

રૂ.૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) સુધીની આવક મર્યાદા માટે આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેને માન્ય રાખવાની નીચે મુજબની શરતોને આધિન સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) ગ્રામ કક્ષાએ તલાટી કમ-મંત્રીશ્રી રૂ.૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની આવક મર્યાદા સુધી જ "આવકનું પ્રમાણપત્ર" આપી શકશે. તથા આ "આવકનું પ્રમાણપત્ર" ૧ (એક) વર્ષ સુધી માન્ય રહેશે.

(૨) તલાટી કમ-મંત્રીશ્રી જે ગામ/સેજા/જુથ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતાં હોય તે જ ગામ/સેજા/જુથ ગ્રામ પંચાયતના લોકોને "આવકનું પ્રમાણપત્ર" આપી શકશે.

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્ર મુજબ આવકના પ્રમાણપત્ર માટેનું ચેકલીસ્ટ, અરજીનો નમુનો, કુટુંબના સભ્યોની વિગત, દૂધ મંડળીના પ્રમુખ /મંત્રીનો અભિપ્રાય, જમીનની વિગતો, અરજદારનો જવાબ અને પંચનામાના નમુના સહિત પરિશિષ્ટ-૧ થી ૮ મુજબ અરજી કરવાની રહેશે.

સદરહુ પરિપત્રની અન્ય જોગવાઈઓ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્ર મુજબની અને તેમાં વખતો વખત લાગુ પાડવામાં આવનાર સુધારા મુજબની રહેશે.

આ પરિપત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૮/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી,પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી(વિજાક) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(અ.જા)(નિયામકશ્રી,અજાક મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૦